(૩) તડકો (પદ્ય કાવ્ય)

(પ્રકૃતિ વર્ણન) - નિરંજન ભગત

❖ કાવ્ય સાર :

કવિ ઉનાળાની ભર બપોરના તડકાનું વર્ણન કરે છે. ઉનાળાની બપોરનો તડકો આંખને આંજી જે એવો તેજસ્વી છે. ધગધગતા તડકાને કારણે પાકા રસ્તાનો ડામર પણ પીગળવા માંડ્યો છે અને ચોમેર ડામરની સડકો દબાઈ ગઈ હોય એવું લાગે છે.

કવિ કહે છે કે ઉનાળાના મધ્યાહનનો તડકો સર્વત્ર છવાઈ ગયો છે કે પગ મૂકીને ચાલવા જેટલી જગ્યા પણ રહી નથી. પવન તડકાને હલાવવા મથે છે પણ તે ખસતો નથી. કવિ મધ્યાહનના તડકાને ધાતુ સાથે સરખાવે છે. તે ઉપરાંત તડકાને ઓળખવા માટે ગુણો દર્શાવ્યા છે. જેવા કે નક્કર, તસતસતો, અડીખમ વગેરે. તડકો નક્કર છે, અડગ છે, તસુભાર પણ ખસતો નથી. તડકો ધગધગતો છે એને ક્યાંય પણ અડકી તો જુઓ.

આ પંક્તિઓમાં મધ્યાહનનો તડકો કેવો છે તેનાં ત્રણ ઉદાહરણો વર્ણવ્યાં છે. (૧) જિદ્દી માણસનું મન તડકા પાસે હળવું લાગે છે. જિદ્દી માણસનું મન તો ક્યારેક પીગળે, પણ આ તડકો હઠીલો છે. (૨) સીતાને (વૈદેહીને) પામવા માટે રામથી ધનુષ્ય ડગી ગયું, પરંતુ તડકો તો અડીખમ છે. (૩) ત્રીજુ ઉદાહરણ આપતાં કવિ કહે છે કે ગોવર્ધન પર્વત કૃષ્ણની ટચલી આંગળી પર ઉંચકાયો, પણ તડકો તો નક્કર છે.

કવિ અંતમાં કહે છે કે કોઈપણ ધાતુને ઓગાળવી હોય તો તેને અગ્નિમાં મૂકવી પડે છે. તડકો પોતે જ એવો ધગધગતો છે કે એને ઓગાળી દેવા કોણ ભડકો મૂકશે ?